بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ۝

# સીરતે હઝરત સૈયદા رضی اللہ عنہا

# ફાતિમા ઝહ્રા

**સંપાદક**


## હાફિઝ મુહમ્મદસજજાદ પટેલ રઝવી

*(ઈંગ્લિશ/કોમ્પ્યુટર ટીચર, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*


**પ્રકાશક**


## અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

**GRWB/059/Bharuch/02** C/o. ફય્ઝાને રઝા મંઝિલ,

મુ.પો. **દયાદરા**–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www. barkatekhwaja.net** | **Email :anjuman2006@hotmail.com**

**Mo. 9427464411 (PhonePe/Paytm)**

Bank Details

**Bank of Baroda (Dayadra branch)**

**A/c. No. 34620100000303, Razvi Kitab Ghar**

**IFSC Code : BARB0DAYADR**

| | | |
|---|---|---|
| પ્રકાશન નં.: ૨૪૯ | આવૃત્તિ–૨ | પ્રત: ૩૩૦૦ |
| ૧૩ રબીઉલ આખર | હિ.સ. ૧૪૪૧ | ડિસેમ્બર–૨૦૧૯ |


**મર્હૂમ મૂસા અલી, મર્હૂમ મહેબૂબ મૂસા તેમજ**
**ઝાકિર ગોદર (ટંકારીયા)ના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે...**

## ✪ અનુક્રમણિકા ✪


* પ્રસ્તાવના *(અઝ : મુહમ્મદઅલ્તાફ રઝા ક઼ાદરી મિસ્બાહી)* 03
* નામ, લક઼બ અને પૈદાઈશનું વર્ષ 07
* આપના નિકાહ 07
* આપનુ દહેજ 08
* આપની ઘરેલુ ઝિંદગી 09
* આપના ફઝાઈલ 09
* આપની વફાત 13
* સૈયદા ફાતેમા رضی اللہ عنہاનો નમાઝમાં ઝોક઼ (શોખ) 13
* વ્યસ્તતામાં પણ અલ્લાહનો ઝિક્ર 14
* ખાવા બનાવતી વખતે પણ તિલાવત 15
* સૈયદા ફાતિમા رضی اللہ عنہاનો ચાલવાનો અંદાજ 15
* સૈયદા ફાતિમા رضی اللہ عنہاનો વાતચીતનો અંદાજ 16
* સૈયદા ઝહ્રા رضی اللہ عنہاની સચ્ચાઈ 17
* ખાતૂને જન્નતની ત્યાગવૃત્તિ તથા સખાવત 17
* ખાતૂને જન્નત رضی اللہ عنہاની પર્દાની પાબંદી 21
* હઝરત ફાતિમા رضی اللہ عنہاને ત્યાં ફાક઼ાનો આલમ 22
* ખાતૂને જન્નત رضی اللہ عنہاનો ઝોહદ 24
* સૈયદા ફાતિમા رضی اللہ عنہاના નિકાહ 25
* હઝરત અબૂબક્ર رضی اللہ عنہ અને ઉમર رضی اللہ عنہ હઝરત અલી رضی اللہ عنہને પ્રોત્સાહન 25
* સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہની હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં હાજરી 27
* આસ્માન પર નિકાહ અને ફરિશ્તાઓની બારાત 29
* નિકાહનો ખુત્બો 32
* દહેજ કેટલુ અને કેવું હોવું જોઈએ ?! 33
* ખાતૂને જન્નત رضی اللہ عنہاની કરામતો 34
* હઝરત ફાતિમા رضی اللہ عنہاની ચક્કી 37
* મા ના પેટમાં સૈયદા ફાતિમા رضی اللہ عنہاની કરામત 37
* ઘરના કામકાજની વહેંચણી 38
* હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاની જિંદગી અને આજની સ્ત્રીઓ 39

# પ્રસ્તાવના



بسم الله الرحمن الرحيم

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

❀ **અઝ** ❀

**મુહમ્મદઅલ્તાફ રઝા ક઼ાદરી મિસ્બાહી**

*(ઈમામ : પીર છત્તર મસ્જિદ–ભરૂચ, ઉસ્તાદ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ, નિગરા : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ)*

એક નેક ઔરત અલ્લાહ તઆલા તરફથી ઘણી મોટી નેઅમત છે. અલ્લાહ તઆલાએ ઔરતને ઘણી બધી ખૂબીઓ આપી છે. શર્મ અને હયા, પાક દામની, પોતાને ગૈરની નિગાહથી બચાવવું વગેરે બીજા પણ સારા લક્ષણોથી નવાઝી છે. આ લક્ષણો સૌથી અધિક સારાં અને ઔરતની સૌથી મોટી કામયાબીનો ઝરીયો છે, એટલા માટે ઔરતને નબીએ કરીમ ﷺએ દુનિયાના ખજાનામાં સૌથી બેહતર ફર્માવી. બલ્કે એક રિવાયતમાં તો ત્યાં સુધી આવ્યું કે, એકવાર સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના દરમિયાન એ વાત ચાલી કે સૌથી બેહતર ઔરત કૌણ ? જયારે આ વાત પર લોકો અલગ અલગ વાતો કહી રહ્યા હતા, ત્યારે હઝરત અલી رضی اللہ عنہ ઉઠયા અને ઘરે તશરીફ લઈ ગયા. ત્યાં પહોંચી હઝરત ફાતિમા رضی اللہ عنہا સાથે વાતચીત થઈ અને મસ્જિદમાં સહાબાએ કિરામ દરમિયાન થયેલ વાતચીતના વિશે કહ્યું, હઝરત ફાતિમા

رضی اللہ عنہاએ કહ્યું કે હું બતાવું કે અલ્લાહ તઆલા નજીક સૌથી બેહતર અને પસંદગી પામેલ ઔરત કોણ છે ? હઝરત અલી رضی اللہ عنہને કહ્યું, ફર્માવો. તો હઝરત ફાતિમા رضی اللہ عنہاએ કહ્યું, અલ્લાહ તઆલાની નજીક સૌથી બેહતરીન ઔરત એ છે જે ન ખુદ કોઈ ગૈરમેહરમને જુએ ન કોઈ ગૈર મેહરમ તેને જુએ. એટલે કે એટલી શરમ અને હયાવાળી હોય કે તેની પોતાની આંખો તો કોઈ ગૈર મેહરમને ન જુએ અને એટલી પર્દો કરવાવાળી હોય કે ગૈર મેહરમ પણ એને ન જોઈ શકે. આ સાંભળી હઝરત અલી رضی اللہ عنہ મસ્જિદમાં તશરીફ લાવ્યા અને ફર્માવ્યું કે હઝરત ફાતિમા رضی اللہ عنہاએ મને બેહતરીન ઔરતની આ બે નિશાનીઓ બતાવી છે. તો એ સાંભળી હુઝૂર علیہ الصلوٰۃ والسلام ખુશ થયા અને ફર્માવ્યું કે ફાતિમા મારા દિલનો ટુકડો છે. તો જાણવા મળ્યું કે જે ઔરત આ મુજબ પર્દો કરવાવાળી હોય તે અલ્લાહ તબારક વ તઆલાના નજીક બેહતરીન ઔરત છે.

પરંતુ કેટલા અફસોસની વાત છે કે આજકાલ આપણા સમાજમાં મુસ્લિમ ઔરતનો તરીકો બિલકુલ આનાથી વિરુદ્ધ છે. શરમ અને હયાનો કોઈ લેહાઝ નથી બલ્કે શરમ અને હયાનો જનાઝો કાઢી નાખ્યો છે. બેહયાઈ અને બેપર્દગીમાં એટલી આગળ વધી ગઈ છે કે ગૈર કૌમ પણ શરમથી નજરોને નીચી કરી લે છે. અને ખાસ કરીને આપણી એ બહન, બેટીઓ જે સ્કૂલ, કોલેજ અને યુનિવર્સિટીમાં દુનિયવી તા'લીમ હાંસલ કરી રહી છે, એમની તો એવી હાલત છે કે તેમના ચાલચલન, પહેરવેશમાં તેણીઓ એટલી બધી ફોરવર્ડ થઈ ગઈ છે કે તેમને જોઈને ખબર ન પડે કે આ મુસ્લિમ છે ! નવી નવી ફેશનના આ જમાનામાં એવી ડૂબી ગઈ

છે કે ન શરીઅતનું ધ્યાન છે કે ન નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامના ફર્માનનો લિહાઝ, ન જહન્નમના અઝબનો ડર, ન અલ્લાહનો ખૌફ.

આજકાલ ફેસબુક, વોટ્સઅપ, ઈન્સ્ટાગ્રામ ખાસ કરીને **TikTok** જેવી મોબાઈલની **Application**નો દુરૂપયોગ કરી બેશરમ થઈને અલગ અલગ સ્ટાઈલમાં ફોટો તો સાથે **Song, Music** સાથે વિડીયો બનાવી લોકોમાં આમ કરે છે, જેનાથી પોતે તો ગુનાહોમાં પડે છે અને સાથે સાથે લોકોને પણ ગુનાહમાં ફેંકે છે. અલ્લાહની પનાહ !!!

હું મારી બહેનોને કહું છું કે જો આ ચાર દિવસની જિંદગી અને આખેરતની જિંદગીને કામયાબ કરવા માગતી હોય તો તેમણે જોઈએ કે તે શરીઅતની હદમાં રહી, કુર્આન અને હદીષ ઉપર અમલ કરી જિંદગી પસાર કરે અને પોતાની અંદર એક બેહતર ઔરત બનવાનો જઝબો પેદા કરે. આ બધુ ત્યારે હાસિલ થશે જ્યારે આપણે અલ્લાહની નેક અને સાલેહ બંદીઓની જિંદગીની સીરત પઢીશું, અને તેમની પાક સીરતને પોતાના માટે અમલનો નમૂનો બનાવી તેમની કામયાબ જિંદગીથી સબક હાંસલ કરી પોતાની જિંદગીને કામયાબ બનાવીશું. એ અલ્લાહની નેક બંદીઓની સીરત જે આપણી કૌમની બહેન, બેટીઓ માટે હિદાયત અને નજાતનો સબબ બનશે. એ નેક બંદીઓમાંથી હસનૈન કરીમૈનનાં વાલિદા હઝરત સૈયદા ફાતિમતુઝ્ ઝહરા બિન્તે મુસ્તફા (صلی اللہ علیہ وسلم)ની સીરત છે જેમની જિંદગીની એક એક પળ અલ્લાહ અને તેના રસૂલ صلی اللہ علیہ وسلمના હુકમ પર અમલ કરી પસાર થઈ, જે દિવસ દરમિયાન ફર્ઝોની અદાયગી સાથે સાથે અલ્લાહના બંદાઓના હક્ક પણ અદા કરતાં હતાં અને રાતમાં ઈબાદત કરી પોતાના કરીમ રબને રાજી કરતાં.

વર્તમાનકાળમાં કેમ કે આપણી કૌમની બેટીઓ ખોટા રસ્તાની શિકાર છે અને દિવસે દિવસે શરીઅતથી વધુ દૂર થતી જઈ રહી છે. આ માહોલને જોઈને અમારા ખૂબ જ કરમ ફર્માવનાર જનાબ **હાજી ઈદ્રીસભાઈ સરનારવાલા**એ વારંવાર આગ્રહ કરી હઝરત ફાતિમા رضی اللہ عنہاની સીરત પર એક કિતાબ લખવા કહ્યું, અને આ નેક મોકો **જનાબ હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*ના હિસ્સામાં આવ્યો, અને આ કામની જિમ્મેદારી તેમણે લીધી અને થોડા સમયમાં સીરતની મો'તબર કિતાબોમાંથી પસંદ કરી તેમાંથી ખૂબ જ ખૂબીથી અને જિમ્મેદારીની સાથે આ કિતાબ લખી.

હે મારી કૌમની બેટીઓ ! આને પઢો અને પોતાની સીરત અને કિરદારને હઝરત ફાતિમા رضی اللہ عنہاની સીરત અને કિરદારમાં ઢાળવાની કોશિશ કરો અને ઈસ્લામની બેહતરીન ખાતૂન બનો. અલ્લાહ તઆલા જનાબ ઈદ્રીસભાઈ અને હાફિઝ સજ્જાદ સાહબની આ કોશિશને કબૂલ ફર્માવે અને તેમના સંબંધીઓને મહાન બદલો આપે, મર્હૂમોની મગફિરત ફર્માવે અને તેમને બંને જહાનની નેઅમતોથી માલામાલા ફર્માવે અને બેહતરીને બદલો અતા ફર્માવે. (આમીન)

લિ.

*અસીરે ઉલમાએ અહલે સુન્નત*

**મુહમ્મદઅલ્તાફ રઝા કાદરી મિસ્બાહી**

*(ઈમામ : પીર છત્તર મસ્જિદ–ભરૂચ, ઉસ્તાદ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ, નિગરા : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ)*

*(તા. ૩–ડિસેમ્બર–૨૦૧૯, મંગળવાર, હિ.સ. ૧૪૪૧, ૫ રબીઉલ આખર શરીફ)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّیۡ عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

## ★ નામ, લક઼બ અને પૈદાઈશનું વર્ષ ★

આપનું નામ "ફાતિમા" અને લક઼બ "ઝહ્રા" તથા "બતૂલ" છે. સરકારે દો આલમ صلی اللہ علیہ وسلمની સાહબઝાદીઓમાં સૌથી નાનાં પરંતુ સૌથી વધારે પ્યારાં અને લાડલાં છે. આપના પૈદાઈશના વર્ષમાં મતભેદ છે, કેટલાક લોકોએ કહ્યું કે જ્યારે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمની ઉમર શરીફ ૪૧ વર્ષની હતી ત્યારે આપની પૈદાઈશ થઈ અને કેટલાક લોકોએ લખ્યું કે નબુવ્વતના એલાનના એક વર્ષ પહેલાં તેમની વિલાદત થઈ. અલ્લામા ઈબ્ને જૌઝીએ લખ્યું છે કે નબુવ્વતના એલાનના પાંચ વર્ષ પહેલાં જ્યારે ખાનાએ કા'બાની તા'મીર થઈ રહી હતી ત્યારે આપની પૈદાઈશ થઈ.

## ★ આપના નિકાહ ★

મશહૂર રિવાયતના પ્રમાણે ૧૮ વર્ષ અને કેટલીક રિવાયતોના પ્રમાણે સાડા પંદર વરસ છ માસની ઉમરમાં સન બે હિજરીમાં તેમના નિકાહ શેરે ખુદા હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہની સાથે થયા.

ઈમામે નસઈની રિવાયત છે કે પહેલા હઝરત અબૂ બકર સિદીક઼ رضی اللہ عنہ એ, પછી હઝરત ઉમર رضی اللہ عنہ એ હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا થી નિકાહ કરવા માટે પૈગામ મોકલ્યો. હુઝૂર ﷺ એ એને મન્ઝૂર ન ફર્માવ્યો. પછી હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ રિશ્તો મોકલ્યો તો હુઝૂર ﷺ એ તેમનો નિકાહ હઝરત અલી رضی اللہ عنہ સાથે કરી દીધો.

*(મિશ્કાત શરીફ : ૫૬૫, ખુત્બાતે મુહર્રમ)*

મહર જે નક્કી થયું એ ચાર સો મિષ્કાલ ચાંદી હતી એટલે એક સો સાઈઠ રૂપિયા જેટલા. *(ફતાવા રઝવિય્યહ, ૫/૩૨૫)*

## ★ આપનુ દહેજ ★

શહનશાહે કૌનેન ﷺ એ આપની પ્યારી અને લાડલી બેટીને જે દહેજ આપ્યુ એ બાનની એક ચારપાઈ હતી, ચામડાનુ એક ગાદલુ જેમાં રૂની જગ્યાએ ખજૂરનાં પાંદડાં ભરેલાં હતાં, એક છાલ, એક મશક, બે ઘંટીઓ અને માટીના બે ઘડા.

*(સિયરુસ્ સહાબિયાત, પેજ–૧૦૦)*

અત્યાર સુધી હઝરત અલી હુઝૂર ﷺ ની પાસે રહેતા હતા. શાદી પછી અલગ ઘરની જરૂરત પડી તો હઝરત હારિષા બિન નો'માન અન્સારીએ પોતાનુ એક મકાન તેમને આપી દીધું.

જ્યારે હઝરત ફાતિમા નવા મકાનમાં ગયાં તો હુઝૂર ﷺ તેમને ત્યાં તશરીફ લઈ ગયા. દરવાજા પર ઉભા રહી ઈજાઝત માગી પછી અંદર ગયા. એક વાસણમાં પાણી મંગાવી બન્ને હાથ એમાં નાખ્યા અને એ પાણી હઝરત અલી رضی اللہ عنہ ના સીના અને બાવડાં પર છાંટયું પછી હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا ને

બોલાવ્યાં એમના પર છાંટયું અને ફર્માવ્યું કે મારા ખાનદાનમાં જે શખ્સ સૌથી બેહતર છે તેની સાથે મેં તારા નિકાહ કર્યા છે. *(ઝુર્કાની વગેરે)* નિકાહ વિશે વિગતે વર્ણન આગળ જતાં આવશે.

## ★ આપની ઘરેલુ ઝિંદગી ★

શહનશાહે દો આલમ ﷺનાં સાહબઝાદી હોવા છતાંય હઝરત ફાતિમા رضی اللہ عنہا પોતાના ઘરનુ કામકાજ જાતે કરતાં હતાં. ઝાડુ પોતાના હાથથી લગાવતાં, જાતે ખાવા બનાવતાં હતાં ત્યાં સુધી કે ઘંટી પણ પોતાના હાથથી પીસતાં હતાં અને મશકમાં પાણી ભરી લાવતાં હતાં જેનાથી હાથ પર ચામઠાં અને બદન પર ફોલ્લા પડી ગયા હતા. એકવાર માલે ગનીમતમાં કેટલીક બાંદી અને ગુલામ આવેલા હતા. આપે ડરતાં ડરતાં હુઝૂર ﷺથી ઘરના કામકાજ માટે એક લોંડી માગી અને હાથનાં ચામઠાં બતાવ્યાં, તો હુઝૂર ﷺએ ફર્માવ્યું જાને પિદર ! બદરના યતીમ બાળકો તમારાથી અધિક આના હક઼દાર છે. *(સિયરુસ્ સહાબિયાત)*

એક રિવાયતમાં એ છે કે આપે ગુલામ તલબ કર્યો તો હુઝૂર ﷺએ ફર્માવ્યું બખુદા ! એવું ન થઈ શકે કે હું તમને ગુલામ આપી દઉં અને સુફ્ફાના લોકો ભૂખના કારણે પેટ પર પથ્થર બાંધી રહ્યા હોય. *(બરકાતે આલે રસૂલ ﷺ)*

## ★ આપના ફઝાઈલ ★

હઝરત ફાતિમા رضی اللہ عنہاના ફઝાઈલમાં અગણિત હદીષો આવી છે. જેમાંથી કેટલીક રિવાયતો જોઈએ : બુખારી અને મુસ્લિમ શરીફમાં રિવાયત છે કે સરકારે અક઼દસ ﷺએ ફર્માવ્યું

"ફાતિમા મારા ગોશ્તનો એક ટુકડો છે તો જેણે તેમને ગુસ્સે કર્યા તેણે મને ગુસ્સો કર્યો. એક રિવાયતમાં ફર્માવ્યું, કે એ ચીજ મને નારાજ કરે છે જે ફાતિમાને નારાજ કરે છે, મને એ ચીજ તકલીફ આપે છે જે ફાતિમાને તકલીફ આપે છે. *(મિશ્કાત શરીફ, પેજ-૨૬૮)*

જેથી જેણે હઝરત ઈમામ હસન رضی اللہ عنہને ઝેર આપ્યુ અને જે લોકોએ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہને કરબલાનાં રણમાં શહીદ કર્યા તે લોકોએ બેશક ! હઝરત ફાતિમાને અને હુઝૂર صلی اللہ علیہ وسلمને તકલીફ પહોંચાડી અને હુઝૂર صلی اللہ علیہ وسلمને તકલીફ પહોંચાડવી અલ્લાહને તકલીફ પહોંચાડવી છે, અલ્લાહ તથા રસૂલને તકલીફ આપવાવાળા પર દુનિયા તથા આખિરતમાં અલ્લાહની લાનત છે. અલ્લાહ ત'આલા ઈર્શાદ ફર્માવે છે :

اِنَّ الَّذِیْنَ یُؤْذُوْنَ اللّٰهَ وَ رَسُوْلَهٗ لَعَنَهُمُ اللّٰهُ فِی الدُّنْیَا

وَ الْاٰخِرَةِ وَ اَعَدَّ لَهُمْ عَذَابًا مُّهِیْنًا۝

"બેશક ! જે લોકો અલ્લાહ عزوجل અને તેના રસૂલ صلی اللہ علیہ وسلمને તકલીફ આપે છે દુનિયા તથા આખિરતમાં એ લોકો પર અલ્લાહની લા'નત છે અને તેમના માટે ઝિલ્લતનો અઝાબ તૈયાર રાખવામાં આવ્યો છે." *(સૂ. અહઝાબ, ૩૩/૫૭)*

નબીએ કરીમ صلی اللہ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે :-

"હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا જન્નતી ઔરતોની સરદાર છે." *(બુખારી શરીફ : ૧/૫૩૨)*

હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : "તારા ગઝબથી અલ્લાહનો ગઝબ થાય છે અને તારી ખુશીમાં અલ્લાહની ખુશી."

*(અલ મુસ્તદરક લિલહાકિમ)*

હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : "ફાતિમા મારા જિસ્મનો ટુકડો છે. જે એને નાપસંદ એ મને નાપસંદ."

*(અલ મુસ્તદરક લિલ હકીમ, ભાગ–૩, પેજ–૧૩૩, હદીષ–૩૮૦૧)*

ઈબ્ને અબ્દુલ બર રિવાયત કરે છે. નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہથી ફર્માવ્યું, હે બેટી ! તું એ વાતથી રાજી નથી કે તું જહાનની ઔરતોની સરદાર હોય ? હઝરત ફાતિમાએ અર્ઝ કરી, મારા વાલિદ ! પછી હઝરત મરયમનો શું મકામ છે ? હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્માવ્યું, એ પોતાના જમાનાની સરદાર છે. *(અશ્શર્ફુલ મોઅબ્બિદ, પેજ–૫૪)*

અલ્લામા નબહાની رحمۃ اللہ علیہ લખે છે કે ઘણા મુહક્કિકો જેમાં અલ્લામા તકીઉદ્દીન સુબ્કી, અલ્લામા જલાલુદ્દીન સિયૂતી, અલ્લામા બદરૂદ્દીન ઝરકશી અને અલ્લામા તકીઉદ્દીન મકરોની સામેલ છે. લખે છે કે "હઝરત ફાતિમા رضی اللہ عنہا જહાનની તમામ ઔરતોથી, ત્યાં સુધી કે હઝરત મરયમથી પણ અફઝલ છે."

*(અશ્શર્ફુલ મોઅબ્બદ, પેજ–૫૪)*

અલ્લામા ઈબ્ને દાઊદને જ્યારે આ વિશે સવાલ કરવામાં આવ્યા તો તેમણે ફર્માવ્યું, હુઝૂર صلی اللہ علیہ وسلمને હઝરત ફાતિમા رضی اللہ عنہاને પોતાના શરીરનો ટુકડો ફર્માવ્યું તો હું કોઈને હુઝૂરના જિસ્મના બરાબર ન ઠરાવી શકું.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ અરજ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અમારામાંથી કોણ તમને સૌથી વધારે પ્યારુ છે, હું કે ફાતિમા ? હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : "ફાતિમા મને તમારામાંથી વધારે મહબૂબ છે અને તમે મારા નજદીક એમનાથી વધારે ઈજ્જતવાળા છો."

*(અશ્શર્ફુલ મોઅબ્બિદ, પેજ–૫૩)*

હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہથી રિવાયત છે કે કયામતના દિવસે એક પોકાર કરવાવાળો અર્શના બાતિનમાંથી પોકાર કરશે : "હે મેહશરના લોકો ! પોતાનાં માથાંને ઝુકાવી લો અને પોતાની આંખોને બંધ કરી લો જેથી ફાતિમા બિન્તે મુહમ્મદ صلی اللہ علیہ وسلم પુલ સિરાતથી પસાર થઈ જાય." તો હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا સિત્તેર હજાર હૂરોની ભીડમાં વીજળીની જેમ પુલ સિરાત પરથી નીકળી જશે. *(સવાઈકે મુહર્રિકા, પેજ–૧૧૬)*

ઈમામ નસઈ ફર્માવે છે કે રસૂલે પાક صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો : "મારી બેટી ફાતિમા ઈન્સાની હૂર છે જેને ક્યારેય હૈઝ નથી આવ્યું." *(અશ્શર્ફુલ મોઅબ્બિદ, પેજ–૫૪)*

હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ ખસાઈસે કુબ્રામાં લખે છે કે હઝરત ફાતિમા رضی اللہ عنہاની ખાસિયત એ છે કે તેમને કદી હૈઝ નથી આવ્યું, જ્યારે એમને ત્યાં બાળક પૈદા થતું તો એક ઘડીમાં નિફાસથી પાક થઈ જતાં ત્યાં સુધી કે એમની નમાઝ કઝા થતી ન હતી, એટલા માટે તેમનુ નામ ઝહ્‌રા રાખવામાં આવ્યું. જ્યારે એમને ભૂખનો એહસાસ થતો તો હુઝૂર صلی اللہ علیہ وسلم તેમના સીના પર હાથ મુબારક રાખ્યો તો એ પછી એમને કદી ભૂખનો એહસાસ થયો નથી. જ્યારે તેમના વિસાલનો સમય નજીક આવ્યો તો એમણે જાતે જ ગુસ્લ કર્યું અને વસિય્યત કરી કે તેમને ખોલવામાં ન આવે. જેથી હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ તેમને એ જ ગુસ્લ સાથે દફન કરી દીધાં.

પરંતું ફતાવા રઝવિય્યહ : ૪/૪ ૫ર છે કે તેમને ગુસ્લ આપવામાં આવ્યું હતું. *(બરકાતે આલે રસૂલ : ૧૨૫)*

## ★ આપની વફાત ★

સરકારે અક્દસ ﷺનો વિસાલ ફર્માવવાનો આપને એટલો સખ્ત સદમો લાગ્યો કે એ બનાવ પછી આપને કદી હસતાં જોયાં નથી, ત્યાં સુધી કે છ મહિના પછી ૩ રમઝાનુલ મુબારક ૧૧–હિજરી મંગળવારની રાતમાં આપ વફાત પામ્યાં, આવી રીતે અલ્લાહના મહબૂબ દાનાએ ગુયૂબ ﷺની પેશનગોઈ પૂરી થઈ કે મારા ખાનદાનમાં સૌથી પહેલાં તું જ મને આવીને મળીશ.

હઝરત ફાતિમા رضی اللہ عنہاના કફન દફનમાં એક ખાસ પ્રકારની નવીનતા કરવામાં આવી. જેમ કે તે જમાનામાં રિવાજ એ હતો કે મર્દોની જેમ ઔરતોનો જનાઝો પણ બેપર્દા કાઢવામાં આવતો. (હાલના જેમ બંધ જનાઝો ન હતો. આવતો હતો, પરંતુ હઝરત સૈયદતિના મુબારક સ્વભાવમાં ખૂબ જ શર્મ તથા હયા હતી એટલા માટે તેમણે વિસાલ પહેલાં હઝરત અબૂ બકર رضی اللہ عنہની પત્ની હઝરત અસ્મા બિન્તે ક઼ૈસ رضی اللہ عنہاને ફર્માવ્યું કે ખુલ્લા જનાઝામાં ઔરતોની બેપર્દગી થાય છે જેને હું નાપસંદ કરૂ છું. તો તેમણે હઝરત સૈયદા માટે છોકરાંઓના એક પારણા જેમ બનાવ્યું જેને જોઈ આપ ખૂબ જ ખુશ થયાં. ઔરતોના જનાઝા પર આજકાલ જે પર્દો લગાવવાનો દસ્તૂર છે એની શરૂઆત આપનાથી જ થઈ. હઝરત અલી કે હઝરત અબ્બાસ رضی اللہ عنہماએ આપની જનાઝાની નમાઝ પઢાવી અને સહીહ તથા મુખ્તાર (પસંદીદા) ક઼ૌલ એ છે કે આપ જન્નતુલ્ બક઼ીઅમાં દફન થયાં.

## ★ સૈયદા ફાતેમા رضی اللہ عنہاનો નમાઝમાં ઝોક઼ (શોખ) ★

હઝરત અલ્લામા શૈખ અબ્દુલ હક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ

મદારિજુન્નબુવ્વતમાં નકલ કરે છે, હઝરત સૈયદના ઈમામ હુસૈન رضی اللہ عنہ ફર્માવે છે, મેં મારાં વાલિદા માજેદા હઝરત સૈયદતુના ફાતિમા رضی اللہ عنہا ને જોયાં કે આપ (ઘણી વખત) ઘરની મસ્જિદના મહેરાબમાં રાતભર નમાઝમાં મશગૂલ રહેતાં, ત્યાં સુધી કે સવાર થઈ જતી. *(મદારિજુન્નબુવ્વત, જિલ્દ–૨, પેજ–૬૨૩)*

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! ખાતૂને જન્નત رضی اللہ عنہا ને કેટલો બધો ઈબાદતનો શોખ હતો કે આખી આખી રાત ઈબાદતમાં પસાર કરતાં હતાં, જેથી આપ رضی اللہ عنہا થી ખરેખર મહોબ્બતનો તકાઝો એ છે કે આપણે ફક્ત ફર્ઝો નહીં પરંતુ સુન્નતો અને નવાફિલની અદાયગીને આપણો મામૂલ બનાવીએ.

## ★ વ્યસ્તતામાં પણ અલ્લાહનો ઝિક્ર ★

હઝરત સૈયદુના સલ્માન ફારસી رضی اللہ عنہ ફર્માવે છે કે હું એકવાર હુઝૂર પુરનૂર صلی اللہ علیہ وسلم ના હુકમથી હઝરત ફાતિમા رضی اللہ عنہا ની ખિદમતમાં હાજર થયો. મેં જોયુ કે હઝરાતે હસનૈન કરીમૈન رضی اللہ عنہما સૂઈ રહ્યા હતા. આપ رضی اللہ عنہا તેમને પંખો નાખી રહ્યાં હતાં અને ઝબાનથી કલામે ઈલાહીની તિલાવત ચાલુ હતી. આ જોઈ મને એક ખાસ રિક્કતની હાલત તારી થઈ.

*(સફીઉન્ નૂહ, ૨/૩૫)*

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! આપે જોયું કે ખાતૂને જન્નત رضی اللہ عنہا ને તિલાવત કરવાનો કેટલો બધો શોખ હતો કે પોતાની ઘરેલુ કામકાજની વ્યસ્તતા દરમિયાન ઝબાનથી તિલાવતે કુર્આનનો વિર્દ પણ ચાલુ રાખતાં હતાં, જ્યારે કે આપણે આપણી વ્યસ્તતા દરમિયાન ગીત સંગીતનો શોરબકોર ચાલુ રાખીએ છીએ,

જેની નહૂસતથી ગુનાહોનુ મિટર ચાલુ રહે છે. કાશ ! ખાસ કરીને બધી જ ઈસ્લામી બહેનોનુ એ ઝહન બની જાય કે ઘરના કામકાજની વ્યસ્તતા દરમિયાન પોતાની ઝબાનને અલ્લાહના ઝિક્રથી તર રાખે. એનાથી ન ફક્ત પોતાની નેકીઓમાં વધારો થશે બલ્કે ઔલાદને પણ એનાથી ફાયદો થશે.

## ★ ખાવા બનાવતી વખતે પણ તિલાવત ★

અમીરૂલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે સૈયદા ફાતેમા رضی اللہ عنہا ખાવા પકાવવાની હાલતમાં પણ કુર્આન પાકની તિલાવત ચાલુ રાખતાં. નબીએ કરીમ صلی اللہ علیہ وسلم જ્યારે નમાઝ માટે તશરીફ લાવતા અને રસ્તામાં સૈયદા رضی اللہ عنہاના મકાન પાસેથી પસાર થતા અને ઘરેથી ઘંટી ચલાવવાનો અવાજ સાંભળતા તો ખૂબ જ દર્દ અને મહોબ્બત સાથે અલ્લાહની બારગાહમાં દુઆ કરતા :–

''યા અરહમર્રાહિમીન ! ફાતિમા رضی اللہ عنہاને રિયાઝત અને કનાઅત (થોડામાં રાજી રહેવા) પર જઝાએ ખૈર અતા ફર્માવ અને તેને દરેક હાલતમાં અડગ રહેવાની તૌફીક અતા ફર્માવ.''

*(સફીનએ નૂહ, ૨/૩૫)*

## ★ સૈયદા ફાતિમા رضی اللہ عنہاનો ચાલવાનો અંદાજ ★

હઝરત સૈયદુના મશરૂક رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત સૈયદતિના આઈશા સિદ્દીકા رضی اللہ عنہાએ ફર્માવ્યું, અમે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمની અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ) رضی اللہ تعالی عنہن આપ صلی اللہ علیہ وسلمની પાસે જમા હતી. અમારામાંથી કોઈ એક પણ ગેર હાજર ન હતું. એટલામાં હઝરત ફાતિમા رضی اللہ عنہا

ત્યાં તશરીફ લાવ્યાં, આપ رضی اللہ عنہا નું ચાલવું હુઝૂર નબીએ અકરમ صلی اللہ علیہ وسلم ના ચાલવાના તરીકાથી સહેજ પણ અલગ ન હતુ.

*(અલ મુઅજમુલ કબીર, ભાગ–૯, પેજ–૩૭૩, હદીષ–૧૮૪૬૬)*

પ્યારી બહેનો ! જોયું આપે ! હઝરત સૈયદા ફાતિમા رضی اللہ عنہا ને હુઝૂર صلی اللہ علیہ وسلم થી કેવી મહોબ્બત હતી. આપ رضی اللہ عنہا ની દરેક અદા (આદત) સુન્નતે મુસ્તફાના સાંચામાં ઢળેલી હતી. તમે ઉપર જોયું કે સૈયદા ફાતિમા رضی اللہ عنہا નો ચાલવાનો અંદાજ (તરીકો) પણ હુઝૂર નબીએ કરીમ صلی اللہ علیہ وسلم ના તરીકા મુજબ હતો. આપણે પણ પોતાના ઉપર વિચારણા કરીએ કે આપણે જ્યારે ઘરેથી બહાર નીકળીએ છીએ તો આપણો અંદાજ કેવો હોય છે ? લોકોને સારૂ લગાડવા માટે કેવી કેવી ફેશનો કરીએ છીએ, આપણો ચાલવાનો તરીકો શું હોય છે અને આપણે કોની નકલ કરીએ છીએ ? ખુદારા ! આપણે પણ હવેથી હઝરત ફાતિમા رضی اللہ عنہا નકશે કદમ પર ચાલવાનો પાકો નિશ્ચય કરીએ. અલ્લાહ તઆલા હઝરત સૈયદા ફાતેમાના સદકામાં અમલ કરવાની તૌફીક અતા કરે.

## ★ સૈયદા ફાતિમા رضی اللہ عنہا નો વાતચીતનો અંદાજ ★

હઝરત સૈયદતુના આયશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે મેં વાતચીતના અંદાઝમાં અને બેસવાના અંદાજમાં હઝરતે ફાતેમા رضی اللہ عنہا થી વધીને બીજા કોઈને હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم થી આટલો બધો મલતો જુલતો નથી જોયો.

*(અલ અદબુલ મુફરદ, પેજ–૨૭૮, હદીષ–૯૪૭)*

સરકારે મદીના صلی اللہ علیہ وسلم નો વાતચીતનો અંદાજ બયાન કરતાં ઉમ્મુલ મો'મિનીન હઝરત સૈયદતુના આઈશા સિદ્દીકા رضی اللہ عنہا

બયાન ફર્માવે છે, મારા સરતાજ, હુઝૂર રહમતે આલમ ﷺ (ખૂબ જ વકારથી) એવી રીતે (રોકાય રોકાયને) વાતચીત (ગુફતગૂ) ફર્માવતા કે જો કોઈ શખ્સ આપ ﷺના શબ્દોને ગણવા ચાહે તો ગણી શકતો હતો.

*(સહીહ બુખારી, કિતાબુલ મનાક઼િબ, પેજ-૯૦૮, હદીષ-૩૫૨૪)*

મારી પ્યારી બહેનો ! આપે વાચ્યું કે હઝરત સૈયદા ફાતિમા رضی اللہ عنہاનો વાતચીતનો તરીકો પણ હુઝૂરે અકરમ ﷺથી મળતો જુલતો હતો. આપણી બહેનોમાંથી કેટલીક બહનો ખૂબ જ મોટેથી વાતો કરે છે. કેટલીકની વાતોથી ઘરની આસપાસ રહેતા પડોસીઓ પણ પરેશાન થાય છે. અલ્લાહ અમલ કરવાની તૌફીક઼ અતા કરે.

## ★ સૈયદા ઝહ્‌રા رضی اللہ عنہاની સચ્ચાઈ ★

ઉમ્મુલ મો'મિનીન હઝરત સૈયદા આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે કે મેં હઝરત ફાતિમા رضی اللہ عنہا જેટલાં સાચાં તેમના વાલિદ સિવાય બીજા કોઈને નથી જોયા. *(મુસ્નદે ઈબ્ને યઅ્લા, મુસ્નદે આઈશા, ભાગ-૪, પેજ-૬૫, હદીષ-૪૬૯૮)*

પ્યારી બહેનો ! ખાતૂને જન્નત رضی اللہ عنہا પોતે સાચા અને સાચા નબી ﷺની શહઝાદી છે. તો આપણે પણ સાચા બનીને તેમના નક઼શે ક઼દમ પર ચાલી જન્નતના હકદાર બનીએ.

## ★ ખાતૂને જન્નતની ત્યાગવૃત્તિ તથા સખાવત ★

ઈષાર (ત્યાગવૃત્તિ) અને સખાવત બે ખૂબીઓ છે. પોતાની જરૂરતના સિવાયનું બીજાને ખૈરાત કરવું "સખાવત" છે અને જરૂરતનુ પણ ખૈરાત કરવુ "ઈષાર" કહેવાય છે. બીજી ખૂબીઓ

સાથે સાથે ઈષાર, સખાવત જેવી ખૂબીઓમાં પણ હઝરતે સૈયદતુના ફાતિમા رضی اللہ عنہا એ એક બુલંદ શાન અને મક઼ામ હાંસલ કર્યું અને જ્યારે પણ એ બે ખૂબીઓ જાહેર કરવાનો મોક઼ો આવ્યો તો આપ رضی اللہ عنہا પોતાની હેસિયત પ્રમાણે હિસ્સો લેતાં, ત્યાં સુધી કે પોતાની જરૂરતનો સામાન પણ માગવાવાળાઓને અતા ફર્માવતાં. હમેશાં માગવાવાળાનો દામન ભર્યો અને ભૂખાઓને ખાવા ખવડાવ્યું.

જેમ કે : હઝરત સૈયદુના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે, બની સુલૈમમાંથી એક શખ્સે બારગાહે રિસાલતમાં આવી એ અર્ઝ કરી કે હે મુહમ્મદ ! صلی اللہ علیہ وسلم શું તમે એ જાદૂગર છો કે જેના વિશે મશ્હૂર છે કે તેનો સાયો જમીન પર નથી પડતો. ખુદાની ક઼સમ ! જો મને એ ખયાલ ન હોત કે મારી ક઼ૌમ મારાથી નારાજ થશે તો હું આ તલવારથી તમારું માથુ ઉઠાવી નાખત. આ ગુસ્તાખીભર્યું કલામ સાંભળી અમીરૂલ મો'મિનીન હઝરત સૈયદુના ઉમર رضی اللہ عنہ એ આગળ આવી એ ગુસ્તાખને સબક શીખવવા ચાહ્યું, પરંતુ હુઝૂર રહમતુલ્લિલ આલમીન صلی اللہ علیہ وسلم એ રોકી લીધા અને એ શખ્સથી ફર્માવ્યું, તું આખિરતના અઝાબથી ડર અને દોઝખથી ખૌફ ખા ! મૂર્તિપૂજા છોડી દે અને ખુદાએ વહદહૂ લાશરીકની ઈબાદત કર. હું જાદૂગર નથી પરંતુ અલ્લાહ તઆલાનો બંદો અને તેનો રસૂલ છુ. આપ صلی اللہ علیہ وسلم ના હુસ્ને અખલાક અને અસરકારક વાતથી આકર્ષાયને એ મૂર્તિનો પૂજારી એ જ વખતે મુસલમાન થઈ ગયો. હવે સરકારે મદીના صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, તારી પાસે કેટલો માલ છે ? તેણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم ખુદાની ક઼સમ ! બનૂ સુલૈમમાં ૪૦૦૦ આદમી છે પરંતુ આ

ક઼બીલામાં મારાથી વધારે ગરીબ અને મિસ્કીન કોઈ નથી. આપ صلی اللہ علیہ وسلمએ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَની તરફ જોઈને ફર્માવ્યું, તમારામાંથી કોઈ એવું છે જે આને એક ઊંટ ખરીદીને આપે ? હઝરત સૈયદુના સઅદ બિન ઉબાદાએ અર્ઝ કરી, મારી પાસે એક ઊંટણી છે, તે હું આને આપી દઉં છું. પછી હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કોણ છે જે આનુ માથુ ઢાંકે ? અમીરૂલ મો'મિનીન સૈયદના હઝરત અલી મુશ્કિલ કુશા رضی اللہ عنہએ પોતાનો મુબારક અમામા શરીફ ઉતારીને તેના માથા પર રાખી દીધો. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કોણ છે જે આ શખ્સ માટે અત્યારે ખાવાની વ્યવસ્થા કરી આપે ? હઝરત સૈયદુના સલમાન ફારસી رضی اللہ عنہ ઉઠયા અને કેટલાક મકાનો પર ગયા પરંતુ સંજોગોવસાત કાંઈ ન મળ્યું. પછી નૂરે મુસ્તફા હઝરત સૈયદા ફાતિમતુઝ્ઝહરા رضی اللہ عنہાના મકાન પર જઈ દરવાજો ખખડાવ્યો. આપ رضی اللہ عنہાએ પૂછયું, કોણ છે ? અર્ઝ કરી, સલમાન છું ! ફર્માવ્યું, કેમ આવ્યા છો ? આપે આખો બનાવ બયાન કર્યો. આ સાંભળી આપ રડમશ થઈ ગયાં અને ફર્માવ્યું, હે સલમાન ! رضی اللہ عنہ ખુદાની કસમ ! જેણે મારા વાલિદને રસૂલ બનાવી મોકલ્યા, આજે ત્રીજો દિવસ છે, ઘરમાં બધા જ ફાક઼ાથી છે ! પરંતુ તમે દરવાજા પર આવી ગયા છો તો ખાલી કેવી રીતે પાછા મોકલુ ? આ ચાદર લઈ જાવ અને શમઉન યહૂદીની પાસે જઈને કહો, ફાતિમા બિન્તે મુહમ્મદની ચાદર રાખી લો અને થોડાક જવ ઉધાર પેટે આપો.

હઝરત સૈયદુના સલમાન ફારસી رضی اللہ عنہ એ ચાદરને લઈ તેની પાસે ગયા અને આખો બનાવ બયાન કર્યો. શમઊન કેટલાક સમય સુધી ચાદર મુબારકને જોતો રહ્યો. એ જ સમયે તેના પર

એક કૈફિયત તારી થઈ ગઈ અને તેણે કહ્યું,

હે સલમાન ! رضی اللہ عنہ વલ્લાહ ! આ એ જ મુક઼દ્દસ લોકો છે જેની ખબર અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર હઝરત મૂસા علیہ السلامને તૌરાતમાં આપી છે, ''હું સાચા દિલથી હઝરતે ફાતિમા رضی اللہ عنہના બાપ હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પર ઈમાન લાવુ છું.

આમ કહી તેણે કલ્મો પઢયો અને મુસલમાન થઈ ગયો. ત્યાર પછી તેણે હઝરત સૈયદુના સલમાન رضی اللہ عنہને જવ આપ્યા અને ખૂબ જ અદબ તથા એહતેરામથી ચાદર મુબારક પાછી આપી. ખાતૂને જન્નત رضی اللہ عنہاએ શમઉનને ખૈરની દુઆઓ આપી અને જવ પીસીને ખાવા તૈયાર કર્યું અને હઝરત સલમાન ફારસી رضی اللہ عنہને આપી દીધું. આપે અર્ઝ કરી, આમાંથી કાંઈક ઘર માટે રાખી લો. ફર્માવ્યું, ફક્ત અલ્લાહની રાહમાં આપવાની નિય્યતથી મંગાવ્યું હતું અને બનાવ્યુ છે, હવે એમાંથી લેવુ બરાબર નથી. હઝરત સૈયદુના સલમાન ફારસી رضی اللہ عنہ ખાવા લઈ હુઝૂર صلی اللہ علیہ وسلمની બારગાહમાં હાજર થઈ ગયા અને આખો કિસ્સો પણ અર્ઝ કર્યો. આપ صلی اللہ علیہ وسلمએ રોટી નવ મુસ્લિમને આપી અને પોતાની નૂરે નજર હઝરતે સૈયદા ફાતિમા رضی اللہ عنہની પાસે તશરીફ લઈ ગયા તો જોયું કે ભૂખથી તેમનો ચેહરો ફિકો થઈ રહ્યો છે અને કમજોરીની અસરો જણાય રહી છે. આપ صلی اللہ علیہ وسلمએ આપની બેટી હઝરત ફાતિમા رضی اللہ عنہاને બેસાડીને તસલ્લી આપી અને દુઆ ફર્માવી, ''હે અલ્લાહ ! ફાતિમા رضی اللہ عنہا તારી બંદી છે, તું એનાથી રાજી રહેજે.'' *(સફીનાએ નૂહ, ભાગ–૨, પેજ–૩૩)*

પ્યારી બહેનો ! ખાતૂને જન્નત હઝરત ફાતિમા رضی اللہ عنہاનો ઈષાર અને સખાવત આપે જોઈ કે પોતે ફાક઼ાથી છે, ઘરમાં પણ

ખાવાનું કાંઈ નથી પરંતુ સખાવત અને ઈષારનો આવો જબરદસ્ત જઝબો કે ગરીબ નવ મુસ્લિમની જરૂરત પૂરી કરવાની ખાતર કર્ઝ લેવા માટે પોતાની ચાદર ગિરવી રાખી અને જ્યારે સૈયદુના સલમાન رضی اللہ عنہ એ ખાવામાંથી થોડુક ઘર માટે રાખી લેવા કહ્યું તો અર્ઝ કરી, ''મેં આ ખાવા અલ્લાહની રાહમાં ખૈરાત કરવાની નિય્યતથી બનાવ્યું છે.'' એક બાજુ ખાતૂને જન્નતનો આ પાક અમલ અને બીજી તરફ આપણી હાલત જુઓ. અલ્લાહુ અકબર ! તે પોતે તંગદસ્તી તથા ફાકામાં રહીને ગરીબોની જરૂરતો પૂરી કરતાં અને આપણે પોતાનું પેટ ભરીને બાકી વધેલુ ગરીબો, ફકીરોને આપવાની જગ્યાએ આવનારા સમય માટે રાખી લઈએ છીએ. કાશ ! આપણને પણ ગરીબો, ફકીરોની જરૂરતો પૂરી કરવાનો જઝબો નસીબ થાય.

## ★ ખાતૂને જન્નત رضی اللہ عنہا ની પર્દાની પાબંદી ★

હાફિઝુલ હદીષ હઝરત સૈયદુના ઈમામ અબ્દુર્રહમાન જલાલુદ્દીન સિયૂતી શાફઈ رضی اللہ عنہ એ અમીરૂલ મો'મિનીન હઝરત મૌલાએ કાયનાત, અલીયે મુર્તઝા, શેરે ખુદા کرم اللہ وجہہ الکریم થી રિવાયત કરી છે કે સરકારે દો આલમ, નૂરે મુજસ્સમ શાહે બની આદમ صلی اللہ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે, ''જ્યારે કયામતનો દિવસ થશે, તો એક પોકારનાર પોકાર કરશે હે લોકો ! પોતાની નિગાહોને (નજરોને) ઝુકાવી લો જેથી હઝરત ફાતિમા બિન્તે મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم પુલસિરાતથી પસાર થઈ જાય.''

*(અલ જામેઉસ્સગીર મઅ ફૈઝુલ કદીર, ભાગ-૧, પેજ-૫૪૯, હદીષ-૮૨૨)*

**નોંધ** : હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا પર્દાના ખૂબ જ પાબંદ

હતાં એના વિશે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ શું સરશ લખ્યું છે કે :–

**વોહ રિદા જિસ કી તેહરીર અલ્લાહ રે**
**આસ્માં કી નઝર ભી ન જિસ પર પળે**
**જિસ કા દામન ન સહવન હવા છૂ સકે**
**જિસકા આંચલ દેખા ન મહ વ મેહર ને**
**ઉસ રિદાએ નજાહત પે લાખો સલામ**

## ★ હઝરત ફાતિમા رضی اللہ عنہا ને ત્યાં ફાક઼ાનો આલમ ★

એક દિવસ હુઝૂર નબીએ રહ્‌મત صلی اللہ علیہ وسلم સૈયદા ફાતિમા رضی اللہ عنہا ના ઘરે તશરીફ લાવ્યા અને ઈર્શાદ ફર્માવ્યો, મારા બંને દીકરાઓ (ઈમામ હસન, ઈમામ હુસૈન) ક્યાં છે ? હઝરત ફાતિમા رضی اللہ عنہا એ અર્ઝ કરી, આજે જ્યારે અમારી સવાર થઈ તો ખાવા માટેની કોઈ વસ્તુ ન હતી. તો હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ મને કહ્યું, "હું આ બંનેને ક્યાંક લઈ જાવ છું, મને ડર છે કે આ તમારી પાસે (ભૂખના કારણે) રડશે અને તમારી પાસે એમને ખવડાવવા માટે કાંઈ પણ નથી." એ ફલાણા યહૂદી બાજુ ગયા છે.

તો હુઝૂર علیہ الصلوٰۃ والسلام પણ એ બાજુ તશરીફ લઈ ગયા. આપ ત્યાં પહોંચ્યા તો જોયું કે બંને શહઝાદા હૌઝમાં રમી રહ્યા છે. અને કેટલીક વધેલી ખજૂરો એમની સામે પડેલી છે. આપ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, "હે અલી ! શું મારા છોકરાઓને સખ્ત ગરમી પડે તે પહેલાં ઘરે નહીં લઈ જાવ ?" હઝરત સૈયદુના અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم એ અર્ઝ કરી, "યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આજે અમારી સવાર થઈ તો અમારે ત્યાં ખાવા માટે કાંઈ ન હતું, જો આપ صلی اللہ علیہ وسلم

થોડીવાર રોકાઈ જાવ તો હું આ વધેલી ખજૂરો હઝરત ફાતિમા رضی اللہ عنہا માટે વીણી લઉં.'' હુઝૂર રોકાઈ ગયા. હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ વધેલી ખજૂરો જમા કરી, કપડામાં લઈ લીધી, પછી ચાલવા લાગ્યા. એક શહઝાદાને હુઝૂર صلی اللہ علیہ وسلم એ અને બીજાને હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ઉઠાવી લીધા અને ત્યાં સુધી કે ઘર સુધી પહોંચાડી દીધા.

*(અલ મુઅજમુલ કબીર, ભાગ : ૯, પેજ : ૩૭૬, હદીષ : ૧૮૪૭૩)*

મારી પ્યારી બહેનો ! હુઝૂર صلی اللہ علیہ وسلم ની લાડલી હઝરત ફાતિમા رضی اللہ عنہا એ પોતાની જાહેરી જિંદગી કેવા ફાક઼ામાં અને કેવા કઠિન સમયમાં સબ્ર અને શુક્રથી પસાર કરી. આખી જિંદગી ફાક઼ા અને ફક઼ીરીમાં પસાર કરી પરંતુ કોઈપણ મુશ્કેલીમાં કોઈપણ જાતની ફરિયાદ અને શિકાયત માટે આપના હોઠ ખુલ્યા નથી. આપ બારગાહે નબુવ્વતના સાયામાં મોટા થયાં જ્યાંથી તેમણે તર્બિયત મેળવી કે, ફક઼ીરી માલદારીથી અફઝલ છે. આપણે પણ આનાથી બોધ લઈ આપણી જિંદગી શુક્ર અને સબ્રથી પસાર કરવી જોઈએ. અલ્લાહ તઆલા હઝરત બીબી ફાતિમા رضی اللہ عنہا ના સદક઼ામાં અમલની તૌફીક઼ અતા કરે. (આમીન)

હઝરાત હસનૈન કરીમૈન (رضی اللہ عنہا) બાળપણમાં એકવાર બીમાર પડી ગયા તો અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ وجہہ الکریم અને હઝરત ફાતિમા અને ખાદિમા હઝરત ફિઝ્ઝા (رضی اللہ عنہا)એ આ શાહઝાદાઓની તંદુરસ્તી માટે ત્રણ રોઝાની મન્નત માની. અલ્લાહ તઆલાએ બંને શાહઝાદાઓને શિફા અતા ફર્માવી જેથી ત્રણ રોઝા રાખવામાં આવ્યા. હઝરત મૌલા અલી ત્રણ સાઅ જવ લાવ્યા. એક એક સાઅ (૪ કિલોમાં ૧૬૦ ગ્રામ

ઓછી) ત્રણેય દિવસ રોટીઓ બનાવી. જ્યારે ઈફતારીનો સમય થયો તો ત્રણેય રોઝેદારો સામે રોટીઓ મૂકવામાં આવી. એવામાં એક મિસ્કીન, એક યતીમ અને એક કૈદી ક્રમે ક્રમે ત્રણેવ દિવસ દરવાજા પર હાજર થયા અને રોટીનો સવાલ કર્યો તો ત્રણેવ દિવસ બધી રોટીઓ એ સાઈલોને આપી દીધી અને ફકત પાણીથી ઈફતારી કરી આગલો રોઝો રાખ્યો.

*(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, પારા : ૨૯, પેજ : ૧૦૭૩)*

*ભૂકે રહકર ખૂદ ઔરોં કો ખિલા દેતે થે*
*કૈસે સાબિર થે મુહમ્મદ ﷺ કે ઘરાનેવાલે*

## ★ ખાતૂને જન્નત رضی اللہ عنہاનો ઝોહદ ★

હઝરત સૈયદુના ષૌબાન رضی اللہ عنہ ફર્માવે છે કે, એકવાર હુઝૂર (علیہ الصلوٰۃ والسلام) પોતાની સાહબઝાદી હઝરત સૈયદુના ફાતિમા ઝ્હરા (رضی اللہ عنہا)ની પાસે તશરીફ લાવ્યા તો હઝરત ફાતિમા رضی اللہ عنہاએ પોતાની ગરદનમાં પહેરેલો સોનાનો હાથ પકડીને અર્ઝ કરી, આ અબુલ હસને (હઝરત અલી رضی اللہ عنہએ) મને તોહફામાં આપ્યો છે. ઈમામુલ્ અંબિયાએ પોતાની શહઝાદીની તર્બિયત કરતાં ઈર્શાદ ફર્માવ્યો, "હે ફાતિમા ! શું લોકોના એ કહેવાથી તને ખુશી થશે કે ફાતિમા બિન્તે મુહમ્મદના હાથમાં આગનો હાર છે !" આમ કહીને હુઝૂર علیہ الصلوٰۃ والسلام બેસ્યા વિના ત્યાંથી તશરીફ લઈ ગયા. એના પછી હઝરત સૈયદુના ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاએ એ હાર દઈને એક ગુલામ ખરીદયો અને તેને આઝાદ કરી દીધો.

જ્યારે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامને આ વાતની ખબર પહોંચી

તો આપ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, ''બધી ખૂબીઓ અલ્લાહને જેણે ફાતિમાને આગથી છૂટકારો અતા ફર્માવ્યો.''

*(અલ મુસ્તદરક અલસ્સહીહનિલ્ હાકિમ, કિતાબ મઅરિફતુસ્સહાબા, ઝોહદે ફાતિમા رضی اللہ عنہا, ભાગ : ૪, પેજ : ૧૩૨, હદીષ : ૪૭૭૮)*

મારી પ્યારી બહેનો ! જોયું આપે ! પ્યારા આક઼ા علیہ الصلوٰۃ والسلامએ પોતાની શહઝાદીની તર્બિયત કેવી રીતે કરી? જો કે ઈસ્લામી બહેનો માટે સોનુ ઝવેરાત પહેરવું જાઈઝ છે, પરંતુ ઈમામુલ્ અંબિયા صلی اللہ علیہ وسلمએ પોતાની શહઝાદીને ઝોહદની તા'લીમ આપતાં એનાથી રોકી દીધાં. આ છે હુઝૂરે પાક صلی اللہ علیہ وسلمની પોતાની ઔલાદની તર્બિયત અને ઔલાદનો તેના ઉપર અમલ ! અલ્લાહ તઆલા આપણને બધાને અમલ કરવાની તૌફીક઼ અતા કરે. (આમીન)

## ★ સૈયદા ફાતિમા رضی اللہ عنہاના નિકાહ ★

હઝરત સૈયદના શોએબ હરીફીશ (رضی اللہ عنہ) ફર્માવે છે, મુહાજિરીન અને અન્સારના મોટા મોટા લોકોએ હઝરત ફાતિમાથી નિકાહનો પૈગામ હુઝૂરને મોકલ્યો. પરંતુ હુઝૂર صلی اللہ علیہ وسلم જવાબમાં ઈર્શાદ ફર્માવે, ''હું ખુદાના ફૈંસલાની રાહ જોઈ રહ્યો છું.''

હઝરત અબૂબક્ર સિદ્દીક઼ અને ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہماએ પણ નિકાહનો પૈગામ મોકલ્યો તો એમને પણ આપ (صلی اللہ علیہ وسلم)એ ફર્માવ્યું, ''આ મામલો અલ્લાહને સોંપ્યો છે.''

## ★ હઝરત અબૂબક્ર رضی اللہ عنہ અને ઉમર رضی اللہ عنہ હઝરત અલી رضی اللہ عنہને પ્રોત્સાહન ★

એક દિવસ હઝરત સૈયદના અબૂબક્ર સિદ્દીક઼, હઝરત ઉમર

ફારૂકે આ'ઝમ અને હઝરત સૈયદના સઅદ બિન મુઆઝ رضی اللہ عنہ મસ્જિદે નબવી શરીફમાં બેસેલા હતા કે હઝરત સૈયદા ફાતિમા رضی اللہ عنہاનો ઝિક્ર ખૈર આવી ગયો. તો હઝરત સૈયદના અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہએ ઈર્શાદ ફર્માવ્યો; ''બધા જ ઈજ્જતવાળા લોકોએ હઝરત ફાતિમા رضی اللہ عنہاથી નિકાહનો પૈગામ મોકલ્યો પરંતુ હુઝૂર صلی اللہ علیہ وسلم જ ઈર્શાદ ફર્માવ્યો કે, ''આ મામલો અલ્લાહનો સોંપ્યો છે.'' પરંતુ હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ નિકાહનો પૈગામ નથી અર્ઝ કર્યો  અને ન તેની વાત કરી. આનુ કારણ મારા ખ્યાલથી તેમની ગરીબી હોઈ શકે છે. આપણે હઝરત અલી رضی اللہ عنہ  પાસે જઈને હુઝૂર صلی اللہ علیہ وسلمની શહઝાદીનો મામલો ઝિક્ર કરવો જોઈએ. અને જો એ તંગદસ્તીનું કારણ બતાવે તો આપણે તેમની મદદ કરવી જોઈએ. પછી આ બધા હઝરાત હઝરત સૈયદના અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ની શોધમાં નીકળી ગયા. જાણવા મળ્યું કે તે આ સમયે કોઈ અન્સારી સહાબીના બાગમાં મજદૂરી પર ઊંટોથી પાણી કાઢવામાં વ્યસ્ત છે. ત્યાં જ્યારે મુલાકાત થઈ તો હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہએ ઈર્શાદ ફર્માવ્યો, ''હે અલી ! (વાત એ છે કે) કુરૈશના મોટા ઈજ્જતદારોએ રસૂલ صلی اللہ علیہ وسلمની બેટીથી નિકાહનો પૈગામ મોકલ્યો પરંતુ હુઝૂર صلی اللہ علیہ وسلمએ એવું કહીને પાછા મોકલ્યા કે આ મામલો અલ્લાહને સોંપ્યો છે. (અને અમે જોઈએ છીએ કે) દરેક સારી આદતો તમારામાં જોવા મળે છે અને હુઝૂર صلی اللہ علیہ وسلمના રિશ્તેદાર પણ છો. મને ઉમ્મીદ છે કે અલ્લાહ جل جلالہ  અને રસૂલ صلی اللہ علیہ وسلمએ આ મામલો તમારા માટે રોકેલો છે. રાવી ફર્માવે છે, ''હઝરત સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہની આંખો આંસૂથી છલકાઈ ગઈ અને ફર્માવ્યું : ''હે અબૂબક્ર ! ગરીબીએ મને એનાથી રોકેલો છે.'' હઝરત અબૂબક્ર

સિદ્દીક رضی اللہ عنہ એ ફર્માવ્યું, "હે અલી ! એવું ન કહો, અલ્લાહ عزوجل અને તેના રસૂલ صلی اللہ علیہ وسلم ના નજીક દુનિયા અને એમાં જે કાંઈ છે ઉડતા ફુગ્ગાની જેમ છે." *(અર્રૌઝુલ ફાઈક઼, પેજ : ૨૭૫)*

મારી પ્યારી બહેનો ! પોતાના મુસલમાન ભાઈ બહેનની જરૂરતનો એહસાસ કરવો અને એની જરૂરત પૂરી કરવા જ્યાં સુધી થઈ શકે રૂપિયા, પૈસા, જાન અને ઝબાન દરેક રીતે મદદ કરવી અને મદદની નિય્યત કરવી આપણા અસ્લાફ (બુઝુર્ગો)નો મુબારક તરીક઼ો છે. તમે વાંચ્યું કે કેવી રીતે સહાબાએ કિરામ એકબીજાની મદદ કરતા હતા અને આજે આપણે કોઈનું સારું તો નથી કરતા કે કરી શકતા ત્યાં સુધી કે કોઈનું સારુ થાય એ વિચારતા પણ નથી. અલ્લાહ આપણા બધાને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના સદક઼ામાં નેક તૌફીક઼ અતા કરે.

## ★ સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہ ની હુઝૂર صلی اللہ علیہ وسلم ની બારગાહમાં હાજરી ★

હઝરત સૈયદના અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم પોતાના કામથી પાછા ફરી હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا ના ઘર તરફ ચાલતા થયા. ત્યાં પહોંચી દરવાજો ખખડાવ્યો. હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا એ પૂછ્યું, કૌન? તો સરકારે મદીના علیہ الصلوٰۃ والسلام એ ઈર્શાદ ફર્માવ્યો, "ઉઠો અને દરવાજા ખોલો ! આ એ છે જેનાથી અલ્લાહ جل جلالہ અને તેના રસૂલ صلی اللہ علیہ وسلم પ્યાર કરે છે, અને એ પણ તેમનાથી મહોબ્બત કરે છે." હઝરત સલ્મા رضی اللہ عنہا એ અર્ઝ કરી, "મારાં મા બાપ આપના (صلی اللہ علیہ وسلم) પર કુર્બાન ! એ કોણ છે ?! તો આપ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, "આ મારો ભાઈ છે અને મને બધી મખ્લૂક઼માં સૌથી

વધારે પ્યારો છે.'' હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا ફર્માવે છે, હું ઝડપથી ઉઠી અને મેં દરવાજા ખોલ્યો તો જોયું કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم છે. આપ صلی اللہ علیہ وسلم એ હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની બારગાહમાં સલામ અર્ઝ કરી અને બેસી ગયા અને જમીનને ખોતરવા લાગ્યા જાણે કે કાંઈક કહેવું છે પરંતુ શરમનો પર્દો આગળ છે.

સરકારે મદીના صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, ''હે અલી ! કોઈ કામ હોય તો બતાવો, અમારી પાસે તમારી દરેક હાજત પૂરી થશે.'' હઝરત સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہ એ અર્ઝ કરી, ''યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારાં મા, બાપ આપના પર કુર્બાન ! તમે જાણો છો કે તમે મને પોતાના કાકા અને કાકી ફાતિમા બિન્તે અસદથી લીધા. હું એ સમયે એક નાસમજ બાળક હતો. તમે મારી રહનુમાઈ ફર્માવી, મને અદબ શીખવાડયો, અને બાઅખ્લાક઼ બનાવ્યો. આપે મારી ઉપર મા બાપથી વધીને શફક઼ત અને એહસાન ફર્માવ્યું. અલ્લાહ عزوجل એ આપના ઝરીયાથી મને હિદાયત આપી. યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તમે જ દુનિયા અને આખિરતમાં મારો વસીલો અને જમા પૂંજી છો અને હું એ પસંદ કરું છું કે અલ્લાહ عزوجل તમારા થકી મારો સપોર્ટ એવી રીતે ફર્માવે કે મારું પણ એક ઘર અને બીવી હોય જેમાં હું ચેન મેળવું. એટલા માટે હું તમારી બારગાહમાં આપની સાહબઝાદી હઝરત ફાતિમા رضی اللہ عنہا ની સાથે નિકાહનો પૈગામ લઈને હાજર થયો છું.

*(ઉરૂસુલ ફાઈક઼, પેજ : ૨૮૫)*

મારી પ્યારી બહેનો ! આ રિવાયતથી શાને મુસ્તફા, ઈલ્મે મુસ્તફા, શફક઼ત તથા એહસાને મુસ્તફા صلی اللہ علیہ وسلم અને અઝમતે અલી

મુર્તઝા کرم اللہ وجہہ الکریم જોવા મળી. અલ્લાહના મહેબૂબ ﷺને દીવાલની પાછળનો પણ ઈલ્મ હતો કે ત્યાં કોણ છે.

## ★ આસ્માન પર નિકાહ અને ફરિશ્તાઓની બારાત ★

હઝરત સૈયદુના ઉમ્મે સલ્મા رضی اللہ عنہا ફર્માવે છે, "મેં જોયું કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો ચહેરો ખુશીથી ખીલી ઉઠયો. પછી આપ રહ્‌મતુલ્ લિલ્ આલમીન ﷺ હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ને જોઈને મુસ્કુરાયા અને ફર્માવ્યું, "હે અલી ! (کرم اللہ وجہہ الکریم) શું તમારી પાસે એવી કોઈ વસ્તુ છે કે જેનાથી તમે હઝરત ફાતિમા (رضی اللہ عنہا)નો મહેરનો હક્ક્ અદા કરી શકો." હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તમારાથી મારી હાલત છુપાયેલી નથી. મારી પાસે મારું બખ્તર, તલવાર અને પાણી ભરવા માટે એક ઊંટના સિવાય બીજું કાંઈ નથી. તો હુઝૂર રહ્‌મતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "પોતાની તલવારથી તો અલ્લાહની રાહમાં જેહાદ કરશો તો એના વગર તો ગુજારો નથી, અને ઊંટથી પોતાના ઘરવાળાંઓ માટે પાણી લાવશો અને સફરમાં પણ એના ઉપર તમારો સામાન રાખશો. પરંતુ બખ્તરના બદલામાં હું મારી બેટીનો નિકાહ તમારાથી કરું છું અને હું તમારાથી ખુશ છું. અને હે અલી ! તમોને મુબારક કે અલ્લાહે જમીન પર તમારા હઝરત ફાતિમાથી નિકાહ થતા પહેલાં આસ્માન પર તમારા બંનેના નિકાહ કરી દીધા છે અને તમારા આવતા પહેલાં આસ્માની ફરિશ્તો મારી પાસે હાજર થયો જેને મેં આ પહેલાં જોયો ન હતો. એને કેટલાય ચહેરા અને પાંખો હતી, તેણે આવીને કહ્યું, અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! (ﷺ) આપ ﷺને મુબારક

મિલન અને પાકીઝા નસલની બશારત મુબારક થાય.

પછી હઝરત જિબ્રઈલ علیہ السلام એ આવીને સલામ કરી અને અર્ઝ કરી, ''યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અલ્લાહે દુનિયા પર રહ્‌મતની નજર ફર્માવી અને આપ صلی اللہ علیہ وسلم ના માટે એક હબીબ, ભાઈ અને દોસ્ત નક્કી કરી તેની સાથે આપની બેટી હઝરત ફાતિમા (رضی اللہ عنہا)નો નિકાહ ફર્માવી દીધો છે. અને અલ્લાહ બધી જન્નતો અને હૂરોને સજવાનો, તૂબા ઝાડને ઝવેરાતથી શણગારવાનો અને ફરિશ્તાઓને ચોથા આસ્માન પર બૈતુલ મા'મૂર પાસે ભેગા થવાનો હુકમ આપ્યો છે. અને જન્નતના રિઝ્‌વાને અલ્લાહના હુકમથી બૈતુલ મા'મૂરના દરવાજા પર મિમ્બરે કરામત રાખી દીધો છે. આ એ જ મિમ્બર છે જ્યારે અલ્લાહ جل جلالہ હઝરત આદમ علیہ السلام ને દરેક ચીજ વસ્તુના નામ શિખવ્યાં હતાં ત્યારે તેમણે આ મિમ્બર પર ખુત્બો આપ્યો હતો.

પછી અલ્લાહના હુકમથી એ મિમ્બર પર રાહિલ નામના ફરિશ્તાએ અલ્લાહની શાન (હમ્દો ષના) બયાન કરી તો આસ્માન ખુશીથી ઝુમી ઉઠયુ. હઝરત જિબ્રઈલ علیہ السلام એ એ પણ બતાવ્યું કે અલ્લાહ جل جلالہ એ મારા પર વહી ફર્માવી કે, ''મેં મારા મહબૂબ બંદા અલીના નિકાહ મારી મહબૂબ બંદી અને મારા રસૂલ صلی اللہ علیہ وسلم ની બેટી ફાતિમા (رضی اللہ عنہا)થી કરી દીધા છે. તમે તેમનો નિકાહ કરી દો.'' બસ, મેં પણ અકદે નિકાહ કરી દીધો. અને તેના પર ફરિશ્તાઓને ગવાહ બનાવ્યા અને અલ્લાહ جل جلالہ એ તૂબાના વૃક્ષને હુકમ આપ્યો કે તેમના ઝવેરાતને ફેલાવે. જયારે તેણે પોતાના ઝવેરાતની બૌછાર કરી તો ફરિશ્તા અને હૂરોએ બધા ઝવેરાતને

વીણી લીધાં અને કયામત સુધી આ ઝવેરાતને એકબીજાને તોહફામાં આપતાં રહેશે. અને અલ્લાહે મને હુકમ આપ્યો કે બારગાહે રિસાલતમાં આ પૈગામ પહોંચાડી દો કે જમીન પર હઝરત ફાતિમા رضی اللہ عنہا ની શાદી હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم થી કરી દો, અને હઝરત ફાતિમા رضی اللہ عنہا ને બે એવા શહઝાદાઓની બશારત આપી દો જે ખૂબ જ સારી સારી આદતો અને ફઝીલતના માલિક, પાકીઝા આદતો અને બંને જહાનમાં ભલાઈવાળા હશે.

પ્યારી બહેનો ! આસ્માન પર નિકાહ અને બૈતુલ મા'મૂર (ફરિશ્તાઓના કિબ્લા)માં ફરિશ્તાઓની બારાત ફાતિમા બતૂલ અને મહબૂબે રસૂલ હઝરત અલી رضی اللہ عنہ નો ખાસ વસ્ફ (ખૂબી) છે.

પછી રહ્‌મતુલ્ લિલ્ આલમીન صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, ''હે અલી ! હું તારા વિશે અલ્લાહનો હુકમ કાયમ કરી રહ્યો છું. તમે મસ્જિદમાં પહોંચી જાવ, હું પણ આવી રહ્યો છું. હું લોકોની હાજરીમાં તમારો નિકાહ કરાવીશ અને તમારા એ ફઝાઈલ બયાન કરીશ જેનાથી તમારી આંખોને ઠંડક પહોંચશે.''

હઝરત સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે, ''હું બારગાહે રિસાલતમાંથી જલ્દીથી નીકળ્યો. હું ખુશીના આવેશના કારણે બેકાબૂ થઈ ગયો હતો. જ્યારે રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم મસ્જિદમાં તશરીફ લાવ્યા તો તેમનો ચહેરો ખુશીથી ચમકી રહ્યો હતો. આપ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું કે તે મુહાજિર અને અન્સારને બોલાવવામાં આવે. જ્યારે બધા લોકો જમા (ભેગા) થઈ ગયા તો આપ علیہ الصلوٰۃ والسلام મિમ્બરે અકદસ પર તશરીફ લાવ્યા અને અલ્લાહની હમ્દો ષના બયાન કરી ઈર્શાદ ફર્માવ્યો, ''હે મુસલમાનો !

થોડીકવાર પહેલાં હઝરત જિબ્રઈલ علیہ السلام મારી પાસે આવ્યા અને એ ખબર આપી કે અલ્લાહ جل جلالہ એ બૈતુલ મા'મૂરની પાસે ફરિશ્તાઓને ગવાહ બનાવીને મારી બેટી ફાતિમાના નિકાહ હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી કરી દીધા છે.'' અને મને પણ હુકમ ફર્માવ્યો કે જમીન પર એમનો નિકાહ કરી દો. હું તમને બધાને ગવાહ બનાવું છું કે મેં મારી બેટી ફાતિમા رضی اللہ عنہا ના નિકાહ હઝરત અલી رضی اللہ عنہ થી કરી દીધા છે. પછી હુઝૂર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એ હઝરત સૈયદના અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ને નિકાહનો ખુત્બો પઢવાનો હુકમ આપ્યો.

## ★ નિકાહનો ખુત્બો ★

હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم એ ઉભા થઈ આ ખુત્બો પઢયો :–

**તર્જુમો** : બધી જ તારીફ અલ્લાહના માટે છે અને તેના ઈનામો અને એહસાનો પર તેનો શુક્ર છે, હું ગવાહી આપુ છું કે અલ્લાહના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, એ એક છે, એનો કોઈ શરીક કે એના સમાન નથી. અને ગવાહી આપું છું કે મુહમ્મદ صلی اللہ علیہ وسلم તેના ખાસ બંદા અને રસૂલ છે અને ઈજ્જતવાળા અને અઝમતવાળી શાનવાળા રસૂલ છે. તેમના પર અને તેમની આલ ઔલાદ પર, એમના સહાબીઓ પર, એમની બીવીઓ અને ઔલાદ પર અલ્લાહ جل جلالہ ની રહ્મત થાય જે હુઝૂર صلی اللہ علیہ وسلم ને ખુશ કરી દે. (આમીન)

ત્યાર પછી ફર્માવ્યું, નિકાહ અલ્લાહના હુકમ પર અમલ છે

અને તેણે એની ઈજાઝત આપી છે. રસૂલુલ્લાહ ﷺએ મારા નિકાહ તેમની શહેઝાદી હઝરત ફાતિમા رضی اللہ عنہاના સાથે કરી દીધા છે અને મારી આ બખ્તરને મહરના તૌર પર નક્કી કરવામાં આવેલ છે. મજલિસમાં હાજર લોકોએ મુબારકબાદ આપતાં કહ્યું, અલ્લાહ આપના જોડાને બરકત, ઈત્તેફાક઼ (મહોબ્બત) અતા ફર્માવે.

## ★ દહેજ કેટલુ અને કેવું હોવું જોઈએ ?! ★

મખ્દૂમે કાઈનાત ﷺનું દહેજ કેટલુ સાદુ અને ઓછુ હતું અને જે આપવામાં આવ્યું, મૌલાએ કાયનાત તરફથી એની પણ માગણી ન હતી. આમાં ઉમ્મત માટે દર્સ છે કે ઘણુ મોટુ અને તકલીફ વેઠીને વ્યવસ્થા કરવી જરૂરી નથી અને ન છોકરાવાળા એની માગણી કરે. આ સુન્નત જેટલી સાદગીથી અદા કરવામાં આવે એ સારુ છે.

''મા બાપ કેટલાક કપડાં, ઝવેરાત, સામાન, વાસણ, પલંગ, બિસ્તર, મેજ, ખુરશી, મુસલ્લો, કુર્આન મજીદ, ધાર્મિક કિતાબો એ છોકરીને આપીને સાસરીમાં મોકલે છે તેને દહેજ કહેવાય છે. હા ! આ જાઈઝ અને સુન્નત છે. કેમ કે હુઝૂર ﷺએ પણ પોતાની દીકરીને કેટલોક સામાન આપી રૂખસત કર્યા હતાં, પરંતુ યાદ રાખો કે દહેજનો સામાન આપવો એ મા બાપની મહોબ્બતની નિશાની છે અને એમની ખુશીની વાત છે. **મા બાપ પર છોકરીને દહેજ આપવું ફર્ઝ કે વાજિબ નથી.** છોકરી અને જમાઈના માટે કદી પણ એ જાઈઝ નથી કે એ જબરદસ્તી મા બાપથી પોતાની પસંદનો સામાન દહેજમાં વસૂલ કરે. મા, બાપની તાકાત હોય કે ન હોય પરંતુ દહેજમાં પોતાની પસંદની ચીજો માગવી અને તેમને

કર્ઝ લેવા મજબૂર કરવાં કે એ કર્ઝ લઈને દીકરી જમાઈની ઈચ્છા પૂર્ણ કરે એ શરીઅતની વિરુદ્ધ છે. આજકાલ મુસલમાનોમાં એ રસમ પણ ચાલી નીકળી છે કે શાદી નક્કી કરતી વખતે એ શર્ત રાખવામાં આવે છે કે દહેજમાં ફલાણો ફલાણો સામાન તથા આટલા આટલી રકમ આપવી પડશે, જેથી ઘણા બધા ગરીબોની છોકરીઓના નિકાહ નથી થઈ રહ્યા કે તેમનાં મા, બાપ છોકરીઓના દહેજની માગણી પૂર્ણ કરવાની તાક઼ાત નથી ધરાવતાં. આ રસમ ખરેખર શરીઅતની વિરુદ્ધ છે. અને જબરદસ્તી મા, બાપને મજબૂર કરીને દહેજ લેવું એ નાજાઈઝ છે, માટે મુસલમાનો પર જરૂરી છે કે આ બુરી રસમને ખતમ કરી દે.''

*(જન્નતી ઝેવર, પેજ : ૧૫૩)*

## ★ ખાતૂને જન્નત رضی اللہ عنہاની કરામતો ★

રિવાયત છે કે એક દિવસ હઝરત સૈયદના ઉષ્માન ગની رضی اللہ عنہએ હુઝૂર صلی اللہ علیہ وسلمની દા'વત કરી. જ્યારે રહ઼મતે આલમ صلی اللہ علیہ وسلم હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના ઘરે તશરીફ લઈ ગયા તો હઝરત ઉષ્માન رضی اللہ عنہ આપ صلی اللہ علیہ وسلمના પાછળ ચાલતા ચાલતા આપના ક઼દમો (પગલાઓ)ને ગણવા લાગ્યા. અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારા મા, બાપ આપના પર ક઼ુર્બાન ! મારી ઈચ્છા છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના એક એક ક઼દમના બદલામાં આપની ઈજ્જત અને તા'ઝીમના માટે એક એક ગુલામ આઝાદ કરું. જેથી હઝરત સૈયદના ઉષ્માન ગની رضی اللہ عنہએ જેટલા ક઼દમ તેમના ઘર સુધી પહોંચતાં પડયા હતા એટલા જ ગુલામ ખરીદીને આઝાદ કર્યા.

હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ એ આ દા'વતથી પ્રભાવિત થઈને હઝરત ફાતિમા رضی اللہ عنہ થી કહ્યું, હે ફાતિમા ! رضی اللہ عنہ આજે મારા દીનીભાઈ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم ની ખૂબ જ શાનદાર દા'વત કરી છે અને હુઝૂર صلی اللہ علیہ وسلم ના દરેક કદમના બદલામાં એક ગુલામ આઝાદ કર્યો છે. મારી પણ તમન્ના છે કે, કાશ ! આપણે પણ હુઝૂર صلی اللہ علیہ وسلم ની આવી જ શાનદાર દા'વત કરી શકતા. હઝરત સૈયદના ફાતિમા رضی اللہ عنہا એ પોતાના શોહરે નામદાર હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم નો આ જોશ અને જઝબો જોઈ પ્રભાવિત થઈ કહ્યું, ખૂબ જ સારું થાય જો તમે પણ હુઝૂર صلی اللہ علیہ وسلم ને આ જ રીતનું દા'વત આપીને આવો. ઈન્શા અલ્લાહ ! આપણા ઘરે પણ આ જ રીતની બધી વ્યવસ્થા થઈ જશે.

જેથી હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم એ બારગાહે રિસાલતમાં હાજર થઈ દા'વત આપી દીધી અને હુઝૂર صلی اللہ علیہ وسلم પોતાના સહાબાએ કિરામની એક મોટી જમાઅતની સાથે પોતાની પ્યારી બેટીના ઘરે તશરીફ લઈ ગયાં, હઝરત સૈયદા ખાતૂને જન્નત رضی اللہ عنہا એકાંતમાં તશરીફ લઈ ગયાં અને અલ્લાહ તઆલાની બારગાહમાં માથુ ઝુકાવી આ દુઆ માગી, ''હે અલ્લાહ ! عزوجل તારી બંદી હઝરત ફાતિમા رضی اللہ عنہا એ તારા મહબૂબ અને સહાબાએ કિરામની દા'વત કરી છે. તારી બંદીને ફકત તારા પર ભરોસો છે માટે હે મારા રબ ! جل جلالہ તું આજે મારી ઈજ્જત રાખી લે અને આ દા'વતના ખાવાનો તું ગૈબથી વ્યવસ્થા ફર્માવ.''

આ દુઆ માગી હઝરત સૈયદના ફાતિમા رضی اللہ عنہا એ હાંડલીને ચૂલા પર ચઢાવી દીધી. ખુદાએ તઆલાનો રહ્‌મતનો દરિયો જોશમાં આવી ગયો અને એ રઝ્ઝાક઼ મુત્લક઼ે એ હાંડલીઓને

જન્નતના ખાણાથી ભરી દીધી.

હઝરત બીબી ફાતિમા رضی اللہ عنہا એ તેમાંથી ખાવા કાઢવાનું શરૂ કર્યું અને હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ પોતાના સહાબાએ કિરામની સાથે ખાવા ખાઈ લીધુ પરંતુ અલ્લાહ جل جلالہ ની શાન કે હાંડલીમાંથી ખાવા ઓછુ ન થયું, અને સહાબાએ કિરામ એ ખાવાની ખુશ્બૂ અને લઝ્ઝતથી હેરાન રહી ગયા. હુઝૂર صلی اللہ علیہ وسلم એ સહાબાએ કિરામને આશ્ચર્યમાં પડેલા જોઈને ફર્માવ્યું, શું તમે લોકો જાણો છો કે આ ખાવા ક્યાંથી આવ્યું ? સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ અર્ઝ કરી, નહીં ! આપ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, આ ખાવા અલ્લાહ તઆલાએ આપણા માટે જન્નતથી મોકલ્યું છે.

પછી હઝરત ફાતિમા رضی اللہ عنہا એકાંતમાં જઈ સજદામાં ગયાં અને દુઆ માગવા લાગ્યાં, હે અલ્લાહ ! عزوجل હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ તારા મહબૂબના એક એક કદમના બદલામાં એક એક ગુલામ આઝાદ કર્યો હતો, પરંતુ તારી બંદી ફાતિમા رضی اللہ عنہا માં એટલી તાકત નથી. માટે હે અલ્લાહ ! જેવી રીતે તેં મારા ખાતર જન્નતમાંથી ખાવા મોકલી મારી લાજ રાખી. તેવી જ રીતે તું મારા ખાતર તારા મહબૂબ صلی اللہ علیہ وسلم ના એ કદમોના બરાબર જેટલા કદમ ચાલીને એ મારા ઘરે આવ્યા, તારા મહબૂબ صلی اللہ علیہ وسلم ની ઉમ્મતના ગુનેહગાર બંદાઓને જહન્નમથી આઝાદ ફર્માવી દે.

હઝરત ફાતિમા رضی اللہ عنہا જેવાં આ દુઆથી ફારિગ થયાં તેવામાં એકદમ અચાનક હઝરત જિબ્રઈલ علیہ السلام આ ખુશખબરી લઈને બારગાહે રિસાલતમાં ઉતરી પડયા કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હઝરત ફાતિમાની દુઆ બારગાહે ઈલાહીમાં મકબૂલ થઈ

ગઈ, અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે તેણે આપ علیہ الصلوٰۃ والسلامના દરેક કદમના બદલામાં એક એક હજાર ગુનેહગાર બંદાઓને જહન્નમથી આઝાદ કરી દીધા.

*(જામિઉલ મોઅ્જિઝાત, પેજ : ૬૫, બહવાલા સચ્ચી હિકાયાત)*

## ★ હઝરત ફાતિમા رضی اللہ عنہاની ચક્કી ★

હઝરત ઉમ્મે અયમન ફર્માવે છે કે, રમઝાન શરીફનો મહિનો અને બપોરનો સમય હતો. સખત ગરમી પડી રહી હતી અને હું હઝરત ફાતિમા رضی اللہ عنہاના ઘરે હાજર થઈ. દરવાજો બંધ હતો અને આટો દળવાની ઘંટીના ચાલવાનો અવાજ આવી રહ્યો હતો. મેં (દીવામાંથી ઝાંકીને જોયું કે સૈયદા ફાતિમા رضی اللہ عنہا ઘંટી પાસે જમીન પર સૂઈ રહ્યાં છે અને ઘંટી આપોઆપ ચાલી રહી છે ! અને પાસે જ ઈમામ હસન અને ઈમામ હુસૈન (رضی اللہ عنہما)નું પારણુ આપોઆપ ચાલી રહ્યું છે. હું આ જોઈને આશ્ચર્યમાં પડી અને એ જ સમયે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ખિદમતમાં હાજર થઈ અને આખો બનાવ બયાન કર્યો. તો આપ ﷺએ ફર્માવ્યું, આ સખત ગરમીમાં મારી બેટી ફાતિમા રોઝાથી છે. અલ્લાહ ﷻ મારી બેટી ફાતિમા رضی اللہ عنہاને ઊંઘમાં ગાલિબ કરી દીધાં કે તેમને ગરમીની સખ્તી અને પ્યાસનો એહસાસ ન થાય અને તે ફરિશ્તા હતા જે મારી બેટી ફાતિમા رضی اللہ عنہاનાં કામોને કરી રહ્યા હતા.

*(સીરતે ફાતિમા, અન્વારુલ બયાન, ૧/૧૪૩)*

## ★ મા ના પેટમાં સૈયદા ફાતિમા رضی اللہ عنہاની કરામત ★

હઝરત શૈખ શોએબ رضی اللہ عنہએ નકલ ફર્માવ્યું કે જ્યારે

કાફિરોએ ચાંદના બે ટુકડા કરવાની માગણી કરી એ દિવસોમાં હઝરત ખદીજા رضی اللہ عنہا ઉમ્મીદથી હતાં. સૈયદા ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہاએ ફર્માવ્યું, એ કેટલો ઝલીલ અને બદ્‌નામ છે જેણે આપણા આક઼ા ﷺને નકાર્યા ?! આપ علیہ الصلوٰۃ والسلام સૌથી મહાન નબી અને રસૂલ છે, તો હઝરત ફાતિમા رضی اللہ عنہا એ પોતાની વાલિદા હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہاના પેટમાંથી નિદા આપી, હે અમ્મીજાન ! તમે ગમગીન ન થાવ અને ભયભીત ન થાવ. બેશક ! અલ્લાહ ! ﷻ મારા વાલિદના મદદગાર છે.

*(અર્રવઝુક ફાઈક઼)*

## ★ ઘરના કામકાજની વહેંચણી ★

હઝરત સૈયદના ઝમરહ બિન હબીબ رضی اللہ عنہ ફર્માવે છે. રસૂલુલ્લાહ ﷺએ ઘરનાં કામો ઘંટી ચલાવવી, ઝાડુ આપવું, ખાવા બનાવવું....વગેરે પોતાની શહઝાદી હઝરત સૈયદા ફાતિમા رضی اللہ عنہاને સોંપ્યાં, અને ઘરની બહારનાં કામો (બજારથી કોઈ વસ્તુ લાવવી, ઊંટને પાણી પીવડાવવું વગેરે) હઝરત સૈયદુના અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ને સોંપવામાં આવ્યું.

*(અલ્ મુસન્નફે ઈબ્ને અબી શૈબાહ)*

હઝરત સૈયદા ફાતિમા رضی اللہ عنہاની સીરતને પઢવાથી એ જાણવા મળશે કે આપ ઘરનાં કામકાજ કરવા માટે ક્યારેય કોઈ સંબંધી કે પડોશીને પોતાની મદદ માટે બોલાવતાં ન હતાં, ન કામની અધિકતાથી કે કોઈ પ્રકારની તકલીફ તથા મહેનતથી ગભરાતાં હતાં. આખી જિંદગી પતિના સામે ન કદી કોઈ પ્રકારની તકલીફ પર ઝબાન ખોલી અને ન કોઈ ચીજની માગણી કરી. ખાવાનો તરીક઼ો એ હતો કે ચાહે પોતે ફાક઼ાથી હોય પરંતુ જ્યાં સુધી પતિ

અને બાળકોને ન ખવડાવતાં ત્યાં સુધી જાતે એક લુકમો પણ ખાતાં ન હતાં.

## ★ હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا ની જિંદગી અને આજની સ્ત્રીઓ ★

પ્યારી દીની બહેનો ! હઝરત ફાતિમાઝહ્‌રા رضی اللہ عنہا ની જિંદગીની આ સંક્ષિપ્ત માહિતીનો ફરીથી અભ્યાસ કરો અને સમજો કે, "સાચી મો'મિના ઔરત" કોને કહેવાય. આજની સ્ત્રીઓ, યુવતીઓ ફેશનની પૂતળીઓ બનીને વાળો ખુલ્લા છોડીને, શરીરનું પ્રદર્શન કરતી બજારોમાં, પાર્કોમાં, બેશરમ બનીને ઘુમી રહી છે. ઈલ્લા માશા અલ્લાહ ! પણ હઝરત ફાતિમા رضی اللہ عنہا પર્દાનાં ચુસ્ત પાબંદ હતાં. જેમ કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે :–

*જિસ્કા આંચલ ન દેખા મહો મહરને*
*ઉસ રિદાએ નઝાહતપે લાખોં સલામ*

સુબ્હાનલ્લાહ ! પર્દાનાં તો એટલાં પાબંદ કે મૃત્યુ બાદ પણ પોતાના નિર્જીવ શરીર પર પણ કોઈ ગૈર મર્દની નજર ન પડે તેના માટે ખાસ પ્રકારનો જનાઝો બનાવવાનું પ્રેક્ટિકલી બતાવ્યું (જેના જેવો જનાઝો હાલ વપરાય છે) કે જેથી ડાયરેક્ટ શરીરના કફન કે ચાદર પર કોઈ ગૈરની નજર ન પડે. અને જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلم એ હઝરત ફાતિમા رضی اللہ عنہا ને પૂછયું કે **સ્ત્રી માટે સૌથી શ્રેષ્ઠ શું** છે ? તો ખાતૂને જન્નતે અર્ઝ કર્યું કે, **"નામેહરમ પુરૂષ તેણીને ન જુએ."** આપે તેમને ગળે લગાડી લીધાં. સારાંશ કે આજકાલ

હઝરાતે પંજનત પાક رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની મહોબ્બતનો દમ ભરનારાઓ પોતાના ઘરની સ્ત્રીઓનું નિરીક્ષણ કરી લે અને સ્ત્રીઓ પોતે પોતાનું નિરીક્ષણ કરી લે કે તેમને જો ખાતૂને જન્નત સાથે મહોબ્બત છે તો તેમના કિરદારથી, તેમને ગમતી વાતો અમલોથી, તેવા અખ્લાક઼ોથી પણ મહોબ્બત રાખો અને બેપર્દગીથી તથા મેકપ કરીને શરીર જાહેર થાય તેવા ડ્રેસો પહેરીને ગૈર મર્દો સામે જાહેર થવાથી તૌબા કરી પર્દાની પાબંદ બની જાવ તેમજ અન્ય અખ્લાક઼ો, વિચારો, બાળકોની કેળવણી, પતિથી મહોબ્બત તથા વફાદારી દરેક બાબતે તેમના નક઼શેક઼દમ પર ચાલો તો જ તમારો પાક પંજતનની મહોબ્બતનો દાવો ગણાશે, નહીં તો ફક્ત ઝબાની દાવાથી કોઈ ફાયદો થવાનો નથી.

❀ ❀ ❀

**છે કોઈ આ'લા હઝરતનો ચાહક !**

**''બરકાતે રઝા'' કિતાબ મંગાવો !**

*આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ની શાનમાં આપની અજોડ ખૂબીઓ તથા આપના વિવિધ વિષયે ઈલ્મો તથા દુનિયાથી બેનિયાઝી, આપનો તક઼વો તેમજ આપની કરામતો વગેરે સંબંધી બરકાતે ખ્વાજા મંથલીના વિશિષ્ટ લેખોનો સંગ્રહ એટલે **'બરકાતે રઝા'** (પેજીસ : ૪૯૨) કિતાબ અવશ્ય મંગાવો. સંપર્ક કરો :–*

**રઝવી કિતાબ ઘર**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ–૩૯૨૦૨૦ Mo. 94274 64411

**હદિયો Rs. 250/-**